નકલ માટે અરજી કરનારનું નામ...

અધિક્ષક

નકલ અરજી મળ્યાની તારીખ ...

અધિક્ષક

નકલ તૈયાર કર્યા તારીખ ...

અધિક્ષક

નકલ પુરી પાડ્યા તારીખ ...

અધિક્ષક

જેને નકલ આપવામાં આવી હોય તેનું નામ ...

અધિક્ષક

આંક નં. ....
અરજી નં. ....
નોંધ્યા તારીખ ....

અધિક્ષક

# મેમોરેન્ડમ ઓફ એસોસિયેશન

| | | | |
|---|---|---|---|
| ૧. | ટ્રસ્ટનું નામ | : | સેવાધામ માનવસેવા ટ્રસ્ટ |
| ૨. | ટ્રસ્ટનું સરનામું | : | C/o. ઓઝા કેશવલાલ જયશંકરભાઈ, નવો વાસ, મુ.પો.રૈયા, તા.દિયોદર, બ.કાં. |
| ૩. | સંસ્થાનું કાર્યક્ષેત્ર | : | સમગ્ર ભારત દેશ રહેશે. |
| ૪. | સંસ્થાના હેતુઓ | : | સંસ્થાના હેતુઓ બી.પી.ટી.એક્ટ ૧૯૫૦ તથા સોસાયટી એક્ટ ૧૮૬૦ ને આધીન રહેશે.સંસ્થાની તમામ પ્રવૃતિઓ બિન-ધાર્મિક અને બિન-સાંપ્રદાયિક રહેશે.સંસ્થાની તમામ પ્રવૃતિઓ કાયદાની પ્રવર્તમાન જોગવાઈ અનુસાર પૂર્વ પરવાનગી મેળવી કરવામાં આવશે. |

૧) શૈક્ષણિક વિકાસ માટે કેળવણી વિષયક સંસ્થાઓ જેવી કે જુનીયર કે.જી., સીનીયર કે.જી., પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, બાલવાડી, આંગણવાડી, આર્ટસ-કોમર્સ કોલેજો, પી.ટી.સી.કોલેજો, પ્રૌઢ શિક્ષણના વર્ગો, ઘોડીયાઘર, રાત્રી શિક્ષણના વર્ગો, ટેકનીકલ સ્કુલો, અધ્યાપન મંદિરો, કુમાર-કન્યા છાત્રાલયો, આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ વગેરે સ્થાપવા, ચલાવવા અને નિભાવવા તથા આવી પ્રવૃતિઓ કરતી સંસ્થાઓને જરૂરી મદદ કરવી.

૨) વિદ્યાર્થીઓને ફી, ચોપડીઓ વગેરેની મદદ કરવી તથા સ્કોલરશીપ આપવી તેમજ વિદ્યાર્થીઓને ઈનામ આપવા, ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને આર્થિક મદદ કરવી. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પુસ્તકાલયો સ્થાપવા, ચલાવવા અને નિભાવવા તેમજ મેગેઝીનો અને તેને લગતું સાહીત્ય પ્રકાશિત કરવું, અને કરાવવું તેમજ તેને લગતી આનુષંગિક પ્રવૃતિ કરવી.

૩) રમત-ગમતની પ્રવૃતિઓને ઉત્તેજન માટે સ્પોર્ટસ અને હેલ્થ કોમ્પલેક્ષ સેન્ટરો સ્થાપવા, ચલાવવા અને નિભાવવા, રમત-ગમત અને શારીરિક વિકાસ માટેના આધુનિક સાધનો વસાવવા અને તેનો વૈજ્ઞાનિક રીતે ઉપયોગ કરતા, કરાવતા શિખવવું. રાષ્ટ્રીય કક્ષાએ માન્ય થયેલ ખેલકુદ અને સ્પર્ધાઓનું આયોજન, સેમીનાર અને વિવિધ રમતો, સ્પર્ધાઓ યોજવી.

૪) સાહિત્ય, કલા, શિલ્પ તથા સંગીતને લગતી પ્રવૃતિઓ ચલાવવી તેમજ જનમાનસ સુધી પહોંચે તેવા પ્રયત્નો કરવા.

૫) રાષ્ટ્રીય કક્ષાએ રમતગમત, શૈક્ષણિક, સામાજીક, સાહીત્ય, કલાકાર તેમજ અન્ય સાંસ્કૃતિક કક્ષાએ શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરનારને પુરસ્કારથી સન્માન આપવું, પુરસ્કાર આપવાની પ્રવૃતિ કરવી.

૬) સાયંસ કોલેજ, બી.એડ. તથા પી.ટી.સી. કોલેજ, ડી ફાર્મ, બી ફાર્મ, દરેક પ્રકારની એન્જીનિયરીંગ કોલેજો, આઈ.ટી. બી.સી.એ., એમ.સી.એ., ફાયર ફાઈન્ટીંગ કોલેજ તેમજ તેના ટ્રેનીંગ વર્ગો, આઈ.એ.એસ., આઈ.પી.એલ., જી.પી.એસ.સી.ના વર્ગો ચલાવવા તેમજ આવા હેતુઓ વાળી સંસ્થાઓને મદદ કરવી. તેમજ કેળવણી (એજયુકેશન) માં વખતો વખત સરકારશ્રી તરફથી થતા ફેરફારો, અભ્યાસક્રમ પ્રમાણેની સંસ્થાઓ સ્થાપવી અને ચલાવવી.

૭) લગ્ન બ્યુરો યોજવા, સમુહ લગ્નોનું આયોજન કરવું, પસંદગી મેળાવડા યોજવા તેમજ ઓછા ખર્ચમાં લગ્નવિધી થાય તેવા પ્રયત્નો કરશે કે કરાવશે અને આનુસંગિક પ્રવૃતિઓ કરશે.

૮) આરામગૃહ, વૃધ્ધાશ્રમો, ધર્મશાળા, કુવા, હવાડા, ગૌશાળા, પાણીની પરબો વગેરે બાંધવા અને નિભાવવા.

૯) સામાજીક ઉત્કર્ષ માટે માર્ગદર્શન આપવું, સમારંભો યોજવા, ધ્યાન કેન્દ્રો તેમજ આધ્યાત્મિક કેન્દ્રો સ્થાપવા, ચલાવવા તેમજ નિભાવવા.

૧૦) ખાદી ગ્રામોદ્યોગ તથા ગૃહ કુટીર ઉદ્યોગના ક્ષેત્રમાં આવતી ઉત્પાદન, વેચાણ, શિક્ષણ અને પ્રચાર તેમજ સંશોધનની સમગ્ર પ્રવૃતિ અને પ્રવૃતિના વિકાસને સંબંધિત સર્વે કાર્યો હાથ ધરવા.

૧૧) ખાદી ગ્રામોદ્યોગ, રંગકામ, હસ્તકલા, છાપકામ, ધુલાઈકામ, કાંતણકામ, વણાટકામ, અંબરચરખા, ચર્મ ઉદ્યોગ, વગેરે ચલાવવા તેમજ તેને લગતી તાલીમ આપવી અને ખાદી ગ્રામોદ્યોગ માન્ય તમામ પ્રકારની પ્રવૃતિઓ કરવી.

૧૨) આરોગ્ય નિદાન કેમ્પો યોજવા, રકતદાનની પ્રવૃતિઓ હાથ ધરવી, રાહતદરે મેડીકલ ટ્રીટમેન્ટ તેમજ દવા મળી રહે તેવી વ્યવસ્થા કરવી.

૧૩) જાહેર સ્વાસ્થ્યની જાળવણી માટે સમાજના લોકો માટે દવાખાનાઓ, હોસ્પિટલો, નર્સીંગહોમ, આર્યુવેદિક કેન્દ્રો, કન્સલ્ટીંગ રૂમ, લેબોરેટરીઓ, હેલ્થ સેન્ટરો વગેરે સ્થાપવા, ચલાવવા અને નિભાવવા કે આવી સેવાઓ માટે સહાય કરવી અને તેને પ્રોત્સાહન આપવું કે તેવી હોસ્પીટલો કે રેફરલ હોસ્પિટલોનો વહીવટ કરવો કે ટેકઓવર કરવું તથા બ્લડ બેન્ક, આઈ બેન્ક સ્થાપવી અને ચલાવવી તથા લોકોને એમ્બયુલન્સ વાનની સવલત ટ્રસ્ટની મર્યાદામાં રહીને પુરી પાડવી.

૧૪) હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને યોગ્ય સહાય જેવી કે સારવાર અંગે જરૂરી સહાય તથા સંસ્થા દવા ખરીદી આપશે

૧૫) વૃક્ષારોપણ કરવું, પર્યાવરણના હેતુથી બાગ બગીચા બનાવવા, પ્રદુષણ નિયંત્રણ અંગેની, પ્રદુષણ દુર કરવા અંગેની પ્રવૃતિઓ હાથ ધરવી. આયુર્વેદીક બગીચા, આયુર્વેદીક ફાર્મસીની પ્રવૃતિઓ હાથ ધરવી તથા પશુ દવાખાના ચલાવવા.

૧૬) યુવાનો અને યુવતીઓ જ્ઞાન, વિજ્ઞાન, કલા, કારીગરી, સાહીત્ય, સંસ્કૃતિ વગેરે દેશ-વિદેશના નાગરીકો જોડે આંતરરાષ્ટ્રીય સ્તરે જ્ઞાન શીબીરો યોજવા તેમજ પત્રો લખવા પ્રયત્નો કરવા, કરાવવા.

૧૭) યુવક મંડળ તેમજ મહિલા ઉત્કર્ષ મંડળોની પ્રવૃતિઓ હાથ ધરવી, યુવાનો જ્ઞાન, વિજ્ઞાન, કલા, સંગીત, સાહીત્ય, સાંસ્કૃતિક વગેરે દેશ-વિદેશના નાગરીકો જોડે આંતરરાષ્ટ્રીય સ્તરે શીબીરો યોજવા તેમજ યુવાનોને આગળ લાવવા માટેના પ્રયત્નો કરવા.

૧૮) સમાજમાં મહિલાઓનું જીવન ધોરણ સુધારવા પ્રયત્ન કરશે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તરફથી થતી પ્રવૃતિ કરશે. વિધવા, નિરાધાર મહિલાઓને સહાય કરવી.

૧૯) હસ્તકલાના ક્ષેત્રમાં વિવિધ હુન્નર ઉદ્યોગ જેવા કે કોમ્પ્યુટર, શિવણવર્ગો, ભરત-ગુંથણ, બ્યુટી પાર્લર, ટાઈપ, શોર્ટહેન્ડ, હાથવણાટ, રંગાઈ, છપાઈ વગેરેની તાલીમ આપશે.

૨૦) અનાથ આશ્રમની સ્થાપના કરશે, અપંગ, અંધજન, ઘરડાઘરની વ્યવસ્થા ઉભી કરશે, નિરાધારોને આશરો અને સહાય કરશે.

૨૧) બાળલગ્ન તથા બાળ મજુરીની અટકાવશે અને બાળવિકાસની પ્રવૃતિ જેવી કે બાળકને યોગ્ય માર્ગદર્શન, બાળશિક્ષણ, બાળમંદિરો અને બાલવાડીની રચના કરશે.

૨૨) નારી ઉત્થાનની પ્રવૃતિઓ કરશે, કરાવશે. નારીનું સામાજીક શોષણ, બળાત્કાર અટકાવવા કાર્ય કરશે અને કરાવશે તથા સમાજમાં ચાલતા વર્ગો પ્રવર્ગોનો લાભ લઈ સંસ્થા મદદગાર બનશે અને પુનઃલગ્નો માટે પ્રયાસ હાથ ધરશે. આંતર જ્ઞાતિય અને સમુહલગ્નોને ઉત્તેજન આપશે.

૨૩) અનાથ બાળકો, બાળકૃપોષણ જેવી સમસ્યાઓને દુર કરવા વિવિધ પ્રોજેકટો હાથ ધરવા તથા બાળકો અને મહિલાઓના શારીરિક અને માનસિક વિકાસ માટે રમત-ગમત, વકતૃત્વ સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું. જરૂરિયાતવાળા બાળકો, યુવાનો, મહિલાઓ શિક્ષિત બેકારોને રોજગારલક્ષી વ્યવસાયિક તાલીમ આપતા કેન્દ્રો ખોલવા અને નિભાવવા, કુટુંબ નિયોજનની પ્રવૃતિને વેગ મળે તેવા કાર્યો કરશે.

૨૪) કુદરતી કે માનવ સર્જીત આફતો જેવી કે રોગચાળો, પુર, ધરતીકંપ, દુષ્કાળ કે યુદ્ધ સમયે આફતગ્રસ્તોની જરૂરી મદદ પુરી પાડશે.

૨૫) કુદરતી સંકટ જેવા કે પ્રકૃતિ પ્રકોપ, આગ, અતિવૃષ્ટી વગેરે જેવા વ્યાપક જાનમાલ હાનીના પ્રસંગે કે આગ તથા રમખાણના સમયે ભોગ બનેલા લોકોને મદદરૂપ તેમજ તેવા સમયે જરૂરિયાતવાળી વ્યક્તિઓને અનાજ, કપડાં તેમજ અન્ય સહાય કરવી અને કરાવવી.

૨૬) અનાવૃષ્ટી, અતિવૃષ્ટી જેવા કુદરતી સંકટોના સમયે પશુઓને ઘાસચારો, ખોરાક પુરો પાડવો, ટ્રસ્ટની મર્યાદામાં રહીને બોલ પશુઓ જેવા કે ગાય, ભેંસ વગેરે માટે ગૌશાળાઓ, ઘાસચારા ડેપો, ખાણ, દવા તથા કેટલ કેમ્પો વગેરેની વ્યવસ્થા કરવી, કરાવવી.

૨૭) બોર્ડ, નિગમ દ્વારા પુરસ્કૃત યોજનાઓનું આયોજન કરવું, યોજનાઓને કાર્યાન્વિત કરવી. ગ્રામીણ વિકાસ માટે બાંધકામ, ગાર, પાણીના પ્રોજેકટરો બનાવવા અને તે અંગેના સરકારશ્રી પાસેથી પ્રોજેકટો મેળવી પુરા કરવાનું કામ કરશે. સમાજ કલ્યાણ, મહિલા આર્થિક વિકાસ નિગમ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગ્રામ વિકાસ એજન્સી વગેરેના ક્ષેત્રમાં આવતી પ્રવૃતિઓ કરશે અને ગ્રામ્ય વિકાસને લગતી તમામ પ્રવૃતિઓ કરશે.

૨૮) ગ્રામ્ય વિકાસ એજન્સી તેમજ જિલ્લા તાલુકા પંચાયત હસ્તકની ગરીબલક્ષી વિવિધ યોજનાઓ જેવી કે વોટરશેડ, ચેક ડેમ, સરદાર આવાસ યોજના, મકાન બાંધકામ યોજના, ગોકુળ ગ્રામ યોજના, ઈન્દીરા આવાસ યોજના, ખેત તલાવડીઓ, બંધપાળા તથા સરકારી કે અર્ધ સરકારી જાહેર બાંધકામોને લગતી પ્રવૃતિઓ કરશે.

૨૯) તળાવો, નહેરો બાંધવા, બંધાવવા, પાણીના સંગ્રહ માટેની તમામ પ્રવૃતિઓ હાથ ધરવી.

૩૦) પંચાયત લેવલે તથા તાલુકાથી માંડી કેન્દ્ર લેવલની સરકારશ્રીના તરફથી થતી જાહેરાત અંતર્ગત ગ્રામ વિકાસ કાર્યક્રમોની યોજનાઓમાં ભાગ લેવો જેવી કે ખેતી ઉત્કર્ષ, વનૌષધિ, જંગલો નિભાવવા, પાકા રસ્તાઓ કરવા, કુવાઓ બનાવવા, ટાંકી-પુલો-તળાવો, શાળાના મકાનો બાંધવા, બંધાવવા તેમજ બેકાર લોકોને સંગઠીત કરી તેમના માટે કોઈપણ મજુરીનું કામ મેળવવું તેમજ કરવું.

૩૧) કૃષિને લગતી તમામ પ્રવૃતિ કરવી.

૩૨) વિકલાંગો માટે શૈક્ષણિક સંસ્થાઓ, આશ્રમશાળાઓ, ટેકનીકલ સંસ્થાઓ, છાત્રાલયો, વિકાસગૃહ, વગેરે સ્થાપવા તેમજ નિભાવવા.

૩૩) વિકલાંગોને તેમની અપંગતા અનુસાર કૃત્રિમ શારિરીક અંગોની સહાય કરવી. તેમજ તેમને ઉપયોગી થાય તેવી સાધન સામગ્રીની સહાય કરવી.

૪૦) વધતું જતું પર્યાવરણીય નુકશાન અટકાવવા અને જાળવણી માટે તમામ પ્રયાસો કરવા અને કરાવવા. વૃક્ષારોપણની પ્રવૃતિઓ હાથ ધરવી, વૃક્ષોની રક્ષા કરવી, વૃક્ષો વાવવા અને વધારવા સલાહ અને સુચન તથા તેને લગતી પ્રવૃતિ હાથ ધરવી.

૪૧) ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીની પ્રવૃતિઓ કરવી તથા બાયોગેસ, સૂર્યશક્તિ, જળવિદ્યુત, ગોબરગેસ વગેરે ઉર્જાના અખૂટ સ્ત્રોતોમાં મહત્તમ ઉપયોગ થાય તે માટેના પ્રોજેકટ વિશ્વબેંકની અને ભારત સરકારની સહાયથી કરવા.

૪૨) ગ્રામ વિકાસ એજન્સી તથા ગ્રામિણ વિકાસ મંત્રાલય મારફત ચાલતા સેનીટેશનના કાર્યક્રમો કરવા અને સરકાર કે અન્ય એજન્સી પાસેથી મેળવવા અને ચલાવવા.સફાઈ વિદ્યાલયના અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની પ્રવૃતિઓ કરવી, સ્વચ્છતા ત્યાં દિવ્યતા સુત્ર સાકાર કરવું.

૪૩) પ્રવાસ પર્યટન, પર્વતારોહણ, સરહદો ઓળખો, પગપાળા પ્રવાસ, સાયકલ કે મોટર સાયકલના પ્રવાસનું આયોજન કરવું.

અમો નીચે સહી કરનાર પ્રથમ કારોબારી સમિતિના સભ્યો છીએ.

| ક્રમ | નામ અને સરનામું | ઉંમર | ધંધો |
|---|---|---|---|
| ૧. | ઓઝા પૂનમબેન કનકચંદ્ર<br>નવો વાસ, મુ.પો.રૈયા, તા.દિયોદર, જી.બનાસકાંઠા | ૨૮ | સામાજીક કાર્યકર |
| ૨. | ઠાકોર લીલાજી પ્રધાનજી<br>ગણેશનગર સોસાયટી, માનવ આશ્રમ રોડ, મહેસાણા | ૫૦ | નોકરી |
| ૩. | પટેલ અલ્પેશભાઈ જમનાદાસ<br>વિદ્યાનગર સોસાયટી, ધરોઈ ઓફીસની બાજુમાં, વિસનગર, જી.મહેસાણા | ૩૦ | ધંધો |
| ૪. | ઓઝા સંજય કેશવલાલ<br>મુ.પો.રૈયા, તા.દિયોદર, જી.બનાસકાંઠા | ૩૩ | નોકરી |
| ૫. | ચૌધરી જીવરામભાઈ કેશવલાલ<br>મુ.બોરીયાવી, તા.જી.મહેસાણા | ૨૭ | નોકરી |

૬. પટેલ અશ્વિનકુમાર જયંતિભાઈ — ૨૭ — ધંધો
મુ.સાંથલ, તા.જી.મહેસાણા

૭. ઠક્કર પરેશકુમાર હસમુખલાલ — ૩૩ — ધંધો
સાલવી વાડી રોડ, મુ.તા.જી.પાટણ

અમો નીચે મુજબના સભ્યો પ્રથમ કારોબારીના સભ્યો છીએ. અમો આ ટ્રસ્ટની નોંધણી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ તથા સોસાયટી રજી.એકટ ૧૮૬૦ હેઠળ કરાવવા માગીએ છીએ જે બદલ અમારી નીચે પ્રમાણે નામ તથા સહી છે.

| ક્રમ | નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| ૧. | ઓઝા પૂનમબેન કનકચંદ્ર | પ્રમુખ | P.K.OZA |
| ૨. | ઠાકોર લીલાજી પ્રધાનજી | ટ્રસ્ટી | [signature] |
| ૩. | પટેલ અલ્પેશભાઈ જમનાદાસ | ટ્રસ્ટી | [signature] |
| ૪. | ઓઝા સંજય કેશવલાલ | મંત્રી | એસ.કે.ઓઝા |
| ૫. | ચૌધરી જીવરામભાઈ કેશવલાલ | ટ્રસ્ટી | [signature] |
| ૬. | પટેલ અશ્વિનકુમાર જયંતિભાઈ | સહમંત્રી | પટેલ અશ્વિનકુમાર જયંતિલાલ [signature] |
| ૭. | ઠક્કર પરેશકુમાર હસમુખલાલ | ટ્રસ્ટી | પી. એચ. ઠક્કર |

ઉપરના સભ્યોને હું ઓળખું છું તેઓએ મારી રૂબરૂ સહીઓ કરેલ છે.

P.K.OZA
× ઓઝા પૂનમબેન [signature]

સ્થળ : રૈયા

તારીખ : ૩૦-૭-૨૦૦૮

નકલ કરનાર- [signature]
મુકાબલ કરનાર- [signature]
શબ્દો- ૬૦૭

નકલ ફી :-
મુકાબલ ફી :- ૩/૦૭
કાગળ ફી :- ૭/૦૭
ટપાલ ફી :- —
કુલ :- ૭/૭૦

[Stamp: મદદનીશ ચેરીટી કમિશનર, બનાસકાંઠા પ્રદેશ]

આથી દાખલો આપવામાં આવે છે કે આ પ્રમાણિત નકલ છે.
[signature] ૧/૮/૧૦
અધિક્ષક
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
બનાસકાંઠા પ્રદેશ, પાલનપુર.

આંક નં. ...૧૧૫...
અરજી નં. ...૧૫૮/૦૬
નોંધ્યા તારીખ ૩/૭/૦૬
અધીક્ષક

# આર્ટીકલ ઓફ એસોસિયેશન

૧. ટ્રસ્ટનું નામ : સેવાધામ માનવસેવા ટ્રસ્ટ

૨. ટ્રસ્ટનું સરનામું : C/o. ઓઝા કેશવલાલ જયશંકરભાઈ, નવો વાસ, મુ.પો.રૈયા, તા.દિયોદર, જી.બ.કાં.

૩. કાર્યક્ષેત્ર : સમગ્ર ભારત દેશ રહેશે.

નકલ માટે અરજી કરનારનું નામ ...
અધીક્ષક
નકલ અરજી મળ્યા તારીખ ...
અધીક્ષક
નકલ તૈયાર કર્યા તારીખ ...
અધીક્ષક
નકલ પુરી પાડ્યા તારીખ ...
અધીક્ષક
જેને નકલ આપવામાં આવી હોય તેનું નામ ...
અધીક્ષક

૪. **સભ્યપદ પ્રકાર, ફી અને ગેર લાયકાત :**

અઢાર વર્ષથી વધુ ઉમરવાળી કોઈપણ વ્યક્તિ (સ્ત્રી-પુરૂષ) આ ટ્રસ્ટમાં સભ્યપદ ધારણ કરી શકશે. બે પ્રકારના સભ્યો ટ્રસ્ટમાં રહેશે.

(૧) વાર્ષિક સભ્યો :- રૂા.૨૧/- (અંકે રૂપિયા એકવીસ પુરા ) વાર્ષિક ફી ભરનાર કોઈપણ પુખ્ત વયની સ્ત્રી કે પુરૂષ વાર્ષિક (સામાન્ય) સભ્ય ગણાશે. તેઓ જે તે વર્ષના હીસાબી વર્ષ પુરતા જ સભ્યો રહેશે.

(૨) આજીવન સભ્યો :- રૂા.૧૦૧/- (અંકે રૂપિયા એકસો એક પુરા) ફી ભરનાર કોઈપણ પુખ્ત વયની સ્ત્રી કે પુરૂષ આજીવન સભ્ય ગણાશે.

- સમગ્ર ગુજરાતના કોઈપણ ભાઈ-બહેનો આ સંસ્થામાં સભ્ય થઈ શકશે.
- સભ્યપદ મેળવવા માટે દરેક નિયત કરેલા ફોર્મમાં અરજી કરવાની રહેશે. ટ્રસ્ટીમંડળની મંજુરી મળેથી તે સભ્ય તરીકે દાખલ થયેલ ગણાશે. આ બાબતમાં ટ્રસ્ટી મંડળનો નિર્ણય આખરી ગણાશે.
- વાર્ષિક ફાળો ન ભરનાર સભ્યને ટ્રસ્ટના સામાન્ય સભ્ય પદેથી રદ થયેલ ગણવામાં આવશે.
- સભ્યપદેથી રદ થયેલ સભ્યને ટ્રસ્ટના ફરીથી સભાસદ બનવું હશે તો નવેસરથી સભ્યપદની અરજી કરવી પડશે અને નિયત ફી પણ ભરવી પડશે.

**સભ્યોની ગેરલાયકાતો :-**

(૧) આ ટ્રસ્ટના નિતિ-નિયમોનો ભંગ કરેલ હોય.
(૨) અસ્થિર મગજનો હોય.
(૩) કોર્ટ તેના ઉપર છેતરપીંડી, ગોલમાલ કે અન્ય ગુનાસર કેસ દાખલ કરેલ હોય.
(૪) નાદાર જાહેર થયેલ હોય.
(૫) ટ્રસ્ટની કોઈપણ અંગત માહીતી/યાદી વગેરે ખુલ્લી પાડી દીધી હોય.
(૬) બીભત્સ વર્તન કરતો હોય.

ચેરીટી કમિશ્નર
બનાસકાંઠા

૫. **અનુગામી ટ્રસ્ટી નિમવાની રીત :**

(૧) દર પાંચ વર્ષે સાધારણ સભા કારોબારી કમિટીની રચના આજીવન સભ્યોમાંથી બહુમતીથી કરશે.
(૨) કારોબારી કમીટીની સંખ્યા ઓછામાં ઓછી ૭ અને વધુમાં વધુ ૧૫ ની રહેશે.
(૩) કોઈપણ કારણસર કારોબારી કમીટીની મુદત દરમ્યાન કોઈ સભ્યોની જગ્યા ખાલી પડેતો બાકીના સમય માટે કારોબારી કમીટી આવી ખાલી જગ્યા બહુમતીથી ભરશે.
(૪) સંખ્યાની મર્યાદામાં વધારાના કારોબારી સભ્યોની નિમણુંક કરવાની જરૂર લાગે તો સાધારણ સભા બહુમતીથી બાકીના સમય માટે તેની નિમણુંક કરી શકશે.

૬. **ટ્રસ્ટની મિલકતો :**

આ ટ્રસ્ટની સ્થાવર તથા જંગમ મિલકતો જે હોય તે ટ્રસ્ટની માલીકીની ગણાશે. જેમાં કારોબારીના સભ્યો વહીવટકર્તા તરીકે રહેશે.

૭. **સાધારણ સભાનાં કાર્યો :-**

ટ્રસ્ટના સભ્યોની સાધારણ સભા એજન્ડા કાઢીને વર્ષમાં ઓછામાં ઓછા એક વખત બોલાવવાની રહેશે. એજન્ડા ૧૪ દિવસ પહેલાં કાઢવાનો રહેશે. સાધારણ સભા પ્રમુખ તથા મંત્રી નકકી કરે તે જગ્યાએ ભરવામાં આવશે. જરૂર પડયે ખાસ સાધારણ સભા પણ બોલાવી શકાશે. સાધારણ સભાનું તથા ખાસ સાધારણ સભાનું કોરમ ૧/૩ સભ્યોનું રહેશે. જો નોન-કોરમ થાય તો અડધો કલાક પછી તે જ સ્થળે ફરીવાર મીટીંગ મળશે. અને તેમાં થયેલ કામકાજ કાયદેસરનું ગણાશે. સાધારણ સભામાં કારોબારીના સભ્યોની ચૂંટણી, મિલકત અંગેના ઠરાવો, ઓડીટરની નિમણુંકનો ઠરાવ, નવી યોજનાઓ, સરવૈયા તથા નફા-નુકસાનની બહાલી આપવાના ઠરાવો વગેરે કરવાના રહેશે.

૮. **ટ્રસ્ટી મંડળ (કારોબારી કમીટી) ના કાર્યો :-**

(૧) કારોબારી પાંચ વર્ષ માટે ચુંટાશે.

(૨) ટ્રસ્ટના ઉદ્દેશોં માટે જરૂરી જણાય તે સઘળું કરવાની સત્તા આ ટ્રસ્ટી મંડળને રહેશે.

(૩) ટ્રસ્ટની પ્રવૃતિઓનું આયોજન, વહીવટ અને તે માટે જરૂરી ખર્ચ કરશે.

(૪) આ સંસ્થા માટે ભંડોળ મેળવવું, વ્યવસ્થિત હિસાબો રાખવા અને આવકની મર્યાદાને ધ્યાનમાં રાખી ખર્ચ કરશે.

(૫) સંસ્થાના હિતને વાંધો ન આવે તે રીતે દેશ પરદેશમાંથી દાન, ભેટો સ્વીકારશે અને વ્યવસ્થા કરશે.

(૬) ટ્રસ્ટીમંડળ બહુમતીથી નિર્ણય કરશે.

(૭) ટ્રસ્ટીમંડળ પોતાનામાંથી પ્રમુખ, ઉપ-પ્રમુખ,મંત્રી, સહમંત્રી અને ખજાનચીની નિમણુંક કરશે.

(૮) સંસ્થાની જુદીજુદી પ્રવૃતિઓ માટે કમીટીઓ નીમી શકશે અને તેમાં ફરેફાર કરી શકશે.

(૯) સામાન્ય સંજોગોમાં ત્રણ દિવસ પહેલાં મીટીંગની સુચના પાઠવશે. ખાસ સંજોગોમાં એક દિવસની સુચનાથી મીટીંગ બોલાવી શકાશે.

(૧૦) ટ્રસ્ટી મંડળના કુલ સભ્યોના ૧/૩ સભ્યોથી કોરમ થયેલું ગણાશે.

(૧૧) ત્રણ માસે એકવાર કારોબારીની બેઠક બોલાવવાની રહેશે.

(૯) **પ્રમુખની સત્તા અને ફરજો :-**

૧. ટ્રસ્ટની તમામ મીલકતના કાયદેસરના વહીવટકર્તા ગણાશે.

૨. ટ્રસ્ટનો વહીવટ સંભાળવા અને ચલાવવા મંત્રીને જરૂરી સુચના તથા માર્ગદર્શન આપશે.

૩. ટ્રસ્ટના આપેલા અધિકારો મુજબ નાણાકીય લોન, સહાય, મીલકતના દસ્તાવેજો, કરારો વિગેરે કરી શકશે.

૪. સામાન્ય સભા તથા ટ્રસ્ટી મંડળના અધિકારો મુજબ તમામ કાર્યો મંજુરીની અપેક્ષાએ કરી શકશે તેમજ સમયના બાધ સિવાય સામાન્ય સભા તેમજ ટ્રસ્ટી મંડળની મીટીંગ બોલાવી શકશે.

૫. સરખા મત પડે તો પ્રમુખશ્રી પોતાનો નિર્ણાયક મત આપી શકશે.

(૧૦) **ઉપપ્રમુખ :-**

પ્રમુખને તેમના કામમાં મદદ કરશે, પ્રમુખની ગેરહાજરીમાં પ્રમુખનો હોદો સંભાળશે અને તેમની સત્તા અને ફરજો ભોગવશે.

(૧૧) **મહામંત્રીશ્રી :-**

૧. સભાઓ બોલાવશે અને સભાઓની મિનિટબુક રાખશે અને તેમાં દરેક સભાની કાર્યવાહી અને ઠરાવોની નોંધ કરશે.

૨. ટ્રસ્ટના વહીવટી દફતરો સાચવશે અને નિયમિતતા જાળવશે.

૩. ટ્રસ્ટના હેતુઓ બર લાવવા પત્રવ્યવહાર કરશે, કરાવશે અને ટ્રસ્ટીમંડળના નિર્ણયો મુજબ કામકાજ કરશે.

૪. ટ્રસ્ટની સંસ્થા અગર સંસ્થાઓનો વહીવટ કરશે અને ટ્રસ્ટની સ્થાવર-જંગમ મિલકતોનો રોજ-બરોજનો વહીવટ કરશે. અગત્યના તમામ કામકાજો માટે ટ્રસ્ટીમંડળના નિર્ણયો મેળવી કામકાજ કરશે.

૫. હિસાબી વર્ષ પુરૂં થયેથી ત્રણ માસની અંદર વાર્ષિક મીટીંગ બોલાવશે અને તેમાં હિસાબો મંજુર કરાવશે.

(૧૨) **મંત્રીની ફરજો :-**

સહમંત્રી મહામંત્રીશ્રીની ગેરહાજરીમાં મંત્રીની ફરજો બજાવશે તેમજ મંત્રીની સાથે રહીને ટ્રસ્ટની કામગીરી કરશે.

(૧૩) **ખજાનચીના કાર્યો :-**

ટ્રસ્ટની આવકની પહોંચ આપશે અને ખર્ચના વાઉચરો મેળવશે અને ટ્રસ્ટના એકાઉન્ટ હિસાબો લખશે, લખાવશે અને ટ્રસ્ટના નિયમોની મર્યાદામાં રહીને કામ કરશે.

(૧૪) **બેન્ક એકાઉન્ટ :-**

ટ્રસ્ટનું બેન્કનું ખાતું પ્રમુખ અને મહામંત્રીની સંયુકત સહીથી ખોલાવવામાં આવશે અને બેની સંયુકત સહીથી લેવડદેવડ કરી શકાશે. સંસ્થાના નામે સમગ્ર રાજયના કોઈપણ ગામ કે શહેરોમાં કોઈપણ બેન્કમાં ખાતા ખોલાવી શકાશે. ટ્રસ્ટની આવકનો તેના હેતુઓ પરીપૂર્ણ કરવા સારૂં ઉપયોગ કરશે.

૧૫) આવકના સાધનો :-

સભ્ય ફી, દાન, ભેટ, ગ્રાન્ટ, વ્યાજ, સહાય, ચેરીટી-શો યોજીને, શ્રમકાર્યો દ્વારા, લોકફાળો ઉઘરાવીને તથા સરકારી સહાય મેળવીને સંસ્થા આવક એકત્ર કરી શકશે. આ ઉપરાંત વિદેશી દાન પણ સ્વીકારીને ટ્રસ્ટ ફંડ ઉભું કરી શકશે.

(૧૬) ટ્રસ્ટની આવકનું રોકાણ :-

ટ્રસ્ટ તેની આવકનું / ફંડનું રોકાણ રાષ્ટ્રીયકૃત બેંકમાં સરકારની વિવિધ નાની-મોટી બચત યોજનામાં, બોન્ડમાં, તેમજ વખતોવખત સરકાર દ્વારા જાહેર થતી યોજનાઓમાં કરી શકશે અને તેની લેવડ-દેવડ પ્રમુખ અને મહામંત્રીની સંયુકય સહીથી કરી શકાશે.

(૧૭) હિસાબી વર્ષ :-

ટ્રસ્ટનું હિસાબી વર્ષ એપ્રિલથી માર્ચ પ્રમાણે રહેશે. અને દરેક વર્ષે ૩૧ મી માર્ચે સરવૈયું કાઢવામાં આવશે અને હિસાબની તપાસણી કરાવવામાં આવશે. ટ્રસ્ટના હિસાબો દ્વિનોંધી નામા પધ્ધતિથી રાખવામાં આવશે.

(૧૮) સુધારા વધારા કરવા બાબતે :-

ટ્રસ્ટ તેના બંધારણમાં જે કંઈ સુધારા વધારા કરવા માંગતુ હોય તે જે તે વખતના કાયદાની મર્યાદામાં રહીને ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને કરી શકશે.

(૧૯) તકરાર :-

ટ્રસ્ટના બંધારણની જોગવાઈઓની બાબતમાં કે તેના અર્થઘટનમાં કોઈ તકરાર ઉભી થાયતો કુલ ટ્રસ્ટીઓની ૩/૫ સભ્યોની બહુમતીથી નિર્ણય કરવામાં આવશે. જે તમામ ટ્રસ્ટીઓને માન્ય રાખવાનો રહેશે.

(૨૦) ટ્રસ્ટ બંધ કરવા બાબત :-

ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળના સભ્યો બહુમતીથી ઠરાવ કરીને કાયદાની મર્યાદાઓને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટ બંધ કરી શકશે અને તેવા પ્રસંગે ટ્રસ્ટના લેણા-દેણા, જવાબદારીઓ વિગેરેનો નિકાલ કરવાનો નિર્ણય કરી શકશે. તમામ જવાબદારીઓ નિકાલ કર્યા બાદ ટ્રસ્ટની જે કંઈ સ્થાવર કે જંગમ મિલ્કતો બાકી રહે તે બહુમતીથી ઠરાવ કરીને અને ચેરીટી કમિશ્નરની પૂર્વ મંજુરી મેળવીને આ જ પ્રકારના હેતુઓ ધરાવતા અન્ય ટ્રસ્ટને સુપરત કરી શકશે.

અમો નીચે મુજબના સભ્યો પ્રથમ કારોબારીના સભ્યો નીએ. અમો આ ટ્રસ્ટની નોંધણી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ તથા સોસાયટી રજી. એકટ ૧૮૬૦ હેઠળ કરાવવા માગીએ છીએ જે બદલ અમારી નીચે પ્રમાણે નામ તથા સહી છે.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે આ ધારાધોરણની ખરી નકલ છે.

| ક્રમ | નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| ૧. | ઓઝા પૂનમબેન કનકચંદ્ર | પ્રમુખ | P. K. ઓઝા |
| ૨. | ઠાકોર લીલાજી પ્રધાનજી | ટ્રસ્ટી | [signature] |
| ૩. | પટેલ અલ્પેશભાઈ જમનાદાસ | ટ્રસ્ટી | [signature] |
| ૪. | ઓઝા સંજય કેશવલાલ | મંત્રી | [signature] |
| ૫. | ચૌધરી જીવરામભાઈ કેશવલાલ | ટ્રસ્ટી | [signature] |
| ૬. | પટેલ અશ્વિનકુમાર જયંતિભાઈ | સહમંત્રી | પટેલ અશ્વિનકુમાર જયંતિલાલ [signature] |
| ૭. | ઠક્કર પરેશકુમાર હસમુખલાલ | ટ્રસ્ટી | પી. એચ. ઠક્કર |

નકલ કરનાર- [signature]
મુકાબલ કરનાર- [signature]
શબ્દો- ૬૦૦

ઉપરના સભ્યોને હું ઓળખું છું. તેઓએ મારી રૂબરૂ સહી કરેલ છે.

P. K. ઓઝા
× ઓઝા પૂનમબેન કનકચંદ્ર

સ્થળ : રૈયા
તારીખ : ૩૦/૭/૨૦૦૮

નકલ ફી :-
મુકાબલ ફી :- ૨૦૦
કાગળ ફી :- ૩૧૦૦
ટપાલ ફી :-
કુલ :- ૫૧૦૦

આથી દાખલો આપવામાં આવે છે કે આ પ્રમાણિત નકલ છે.
[signature] ૫/૧૧/૦૮
અધીક્ષક
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
બનાસકાંઠા પ્રદેશ, પાલનપુર.